Time :- 1 Hour 30 Minutes
Total Marks :-100

# Test Paper For Sr. Clerk - 7

## Gujarati Typing

30 Marks

## ગાંધીની બલિહારી

હું અને ગૌરી ઑસ્ટ્રેલિયાની સરકારના મહેમાન હતા. ગૌરી ઑબેરૉય હૉટેલના ત્રૈમાસિકની તંત્રી ને હું ફોટોગ્રાફર. આઠ દિવસના બસપ્રવાસનો છેલ્લો દિવસ હતો ને સાંજે અમે સિડની પહોંચવાના હતાં. લગભગ પાંચેક વાગ્યે ડ્રાઈવરે જાહેર કર્યું કે પહોંચતા મોડું થશે ને મધરાત પહેલા હોટેલ ભેગા થઈશું નહિ. રાતે આઠ-સાડા આઠે, કોંકણની ખાણાવળ જેવી ગામઠી હોટેલ પાસે બસ ઊભી રહી. ડ્રાઈવરે અમને જમવાને રોકડો અડધો કલાક આપ્યો. હોટેલના ડાઈનિંગ રૂમમાં ત્રીસેક જણ ઠલવાયા તેમાં અમે બે જ અશ્વેત ને પરદેશી હતાં. બધાંએ પોતપોતાના ઑર્ડર નોંધાવ્યા અને થોડીવારમાં જાતે ખાવાનું લાવીને જમવા મંડ્યાં. મેં જોયું કે હોટેલના માલિક મને કંઈક જુદી રીતે જોતો હતો. મારો નંબર આવ્યો છતાં મને ખાવાનું નહોતો આપતો. મેં એને બે વાર તો ટકોર્યો પણ એણે સાંભળ્યું જ ન હોય એવો ડોળ કર્યો. રહેવાયું નહિ એટલે ગુસ્સે થઈને હું ચાલવા માંડ્યો. એણે માણસ મોકલીને મને પાછો તેડાવ્યો. ખુણાનાં એક ટેબલ પર બેસાડીને કહે, 'તમે તો મારા મોંઘેરા મહેમાન છો.' મેં કહ્યું કે, 'હા, એ તો દેખાય જ છે ને. બધાંનું ખાવાનું આવી ગયું પણ તેં મને લટકાવી રાખ્યો છે.' એટલે કહે, 'જરા નવરો પડું ત્યારે તમને જમાડુ ને?' મેં કહ્યું, 'મને કંઈ સમજાતું નથી.' ત્યારે કહે 'મારી હોટેલમાં ગાંધી ક્યારે?' હવે ઘટસ્ફોટ થયો ! ગાંધી ફિલ્મ જોઈને ભાઈ ગાંધીજીના ભગત બની ગયેલા અને હું કંઈક બેન કિંગ્સલી જેવો લાગું છું એટલે એણે મને જાતે પીરસીને જમાડ્યો ને પૈસા ન લીધા તે ન જ લીધા.

સિંગાપુર એરલાઈન્સ માટે હું ન્યુયૉર્કના ફોટા પાડી રહ્યો હતો. કુખ્યાત આઠમાં એવન્યુના નાકા પાસે એક હબસી-અમેરિકન જુનાં અપ્રાપ્ય પુસ્તકો ને સામયિકો ફુટપાથ પર વેચતો હતો. દુકાનદારની આકૃતિ ને કદ બિહામણા હતાં. ફોટાનાં સંયોજન (કંપોઝિશન) માટે એને અમુક જગ્યાએ ઊભા રહેવાનું જરૂરી હતું. હું વિમાસણમાં હતો કે મારે એને ખસવાનું કહેવું કે નહિ એ સમજે નહિ ને આડો ફાટે તો વાત સાવ જ વણસી જાય. કોણ જાણે કેમ પણ એ મારી મુંઝવણ સમજી ગયો. મને પૂછે, 'તમને હું કંઈ મદદ કરી શકું છું?' મેં એને સમજાવ્યું ને ફોટા પડી ગયા. કૅમેરાબૅગનાં બટન બંધ કરતાં-કરતાં મેં એને પૂછ્યું કે, 'તને એવું તે શું થયું કે તુ મને મદદ કરવા તૈયાર થઈ ગયો?' હત્તારીની ! આ તો પાછી ગાંધીની જ બલિહારી ! આગલા વરસે 'ગાંધી' ફિલ્મને આઠ 'ઑસ્કાર' મળ્યા હતા અને આ હબસી ગાંધીજીનો પ્રશંસક હતો. મને કહે, 'ગાંધી માટે કોણ શું ન કરે !'

Ronak Computer Education Centre

**English Typing**

20 Marks

# ROLE OF PARLIAMENT IN A DEMOCRATIC COUNTRY

Who gives the power to the government to take decisions and implement laws? The answer to this question depends on what type of government is in that particular country. In democracy, Supreme power is vested in the people and is exercised directly by them or by their elected agents.

They elect their leaders by casting a vote. The elected leaders and representatives form the government. In a democracy, the government has to give clarifications and provide reasons for the decisions undertaken. The other form of government is the Monarchy'. In this type of government, the power to take decisions and run administration is in the hands of the king or queen. King discusses the matters with his group of advisors but the power to take the final decision lies with the King or Queen only.

The most important characteristic of democracy is that the sole power /power to rule is not in the hands of one person or a group of people. Every citizen is a member in the decision making process. People themselves are the creators of their destiny.

The word for democracy in Gujarati is 'Lokshahi'. Democratic government is for the people. It means the welfare of the people is the main aim of the government. Democracy is run by people as the representatives elected by the people run the administration.

# Excel

15 Marks

નીચે મુજબ Excel માં Bill બનાવો.

| NO | ITEM | QTY | RATE | AMOUNT | GST TAX | DISCOUNT 5% | ACTUAL AMOUNT |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Led Monitor | 10 | 6000 | ? | 28% | ? | ? |
| 2 | Intel Cpu | 5 | 12500 | ? | 18% | ? | ? |
| 3 | Iball Mouse | 15 | 500 | ? | 12% | ? | ? |
| 4 | Iball Keyboard | 20 | 700 | ? | 12% | ? | ? |
| 5 | Hp Printer | 2 | 8000 | ? | 28% | ? | ? |
| | | | | | | **Total Amount** | |
| | | | | | | **Transport Charges** | 2000 |
| | | | | | | **Net Amount** | |

Question

1. Heading ની ઉપર નવી Row Insert કરી તેને Merge કરી તેમાં Ronak Electronics લખો.
2. જે વસ્તુનો ભાવ 5000 થી વધારે હોય તે વસ્તુના ભાવ ને highlight કરો.
3. Heading ના Row ની Height 25 અને Column ની Width 15 રાખો.

Ronak Computer Education Centre

4. Item ને Ascending Order માં ગોઠવો.
5. Bill ના Table ની Row અને Column નું Group બનાવો.
6. B3 Cell માં Comment ચાલુ કરી તેમાં "This bill is prepaid by Ronak Computer Centre Patan" લખો.
7. Sheet ને "Computer Bill" નામ આપી તેનું કલર Red કરો
8. A10 Cell માં Bill ના Table ની Row અને Column ની સંખ્યા સુત્ર ની મદદ થી શોધો.
9. A11 Cell માં Ronak Computer Education Centre Patan લખી તેને Text to Column માં ફેરવો.
10. Sheet માં તમારા નામનો Password આપી તેને Lock કરો

# PowerPoint

15 Marks

## Slide :- 1 (Layout Title Slide)

Ram Nath Kovind

14th President of India

Question :-

1) Heading ના ફોન્ટ Century સાઇઝ 54 અને Sub Heading ના ફોન્ટ Arial સાઇઝ 36 રાખો.
2) Heading ની Style Bold અને Small Cap, ફોન્ટ કલર Dark Red, Shape Fill Color Light Green રાખો.
3) Sub Heading ને ફોન્ટ કલર Purple, Alignment Middle, અને Quick Style ની Effect આપો.
4) Slide ના Background ને Texture Fill Color આપી તેની Transparency 30% રાખો.

## Slide :- 2 (Layout Title & Content)

### Basic Information

| | | |
|---|---|---|
| **Born** | : | 1 October 1945 (age 71), Paraukh, Kanpur Dehat district |
| **Education** | : | Chhatrapati Shahu Ji Maharaj University |
| **Party** | : | Bharatiya Janata Party |
| **Spouse** | : | Savita Kovind (1974) |
| **Residence** | : | Rashtrapati Bhavan, New Delhi |

Ronak Computer Education Centre

Question :-

1) Heading ના ફોન્ટ Cooper black સાઇઝ 45 અને રાખો.
2) Heading ને ફોન્ટ કલર Red, Text Outline Color Yellow, અને Text Effect Reflection આપો.
3) Slide ના Background ને Solid Fill Light Green Color આપી તેની Transparency 72% રાખો.

## Slide :- 3 (Layout Title & Content)

### About Ram Nath Kovind

Ram Nath Kovind was born on October 1, 1945 in Uttar Pradesh's Kanpur Dehat district. He came from a modest background and worked his way from the ground to the top of the political pyramid. He married Savita Kovind on 30th May, 1974. They have one son and a daughter.

Question :-

1) Heading તથા Subheading બંન્નેના ફોન્ટ કલર Blue અને Background Color Aqua, Accent5, Lighter 60% રાખો.
2) Slide ના Background ને Gradient Fill Wheat Color આપો.

## Slide :- 4 (Layout Picture With Caption)



**Rashtrapati Bhavan**

The official home of the president of India.

નોટ : Desktop ઉપર મુકેલા Rashtrapati Bhavan ના ચિત્ર ને આ Slide માં Add કરો.

Question :-

1) Picture ને Rotated White Border ની Style આપો.
2) Picture ની Border ને Orange કલર આપો અને તેની Brightness and Contrast 10% રાખો.
3) Picture ની સાઇઝ 4 by 5.33 રાખો.



Ronak Computer Education Centre

4) Slide ના Background ને Fill કલર Purple આપી તેની Transparency 67% રાખો.

5) દરેક Slide ને Transition ઈફેક્ટ આપી તેને Rehearse Timing કરો અને દરેક Slide નુ Time 7 Second રાખો.

6) બીજા નંબર ની Slide ને Hide કરો.

7) દરેક Slide ને નંબર આપો.

# Outlook

10 Marks

નીચે આપેલા લેટર ને ડેસ્કટોપ ઉપર મુકેલ Word ની ફાઇલ Attach કરી ugvcl.mehsana@gmail.com અને તેની કાર્બન કોપી mgvcl.ahmedabad@yahoo.com પર મેલ કરો.

Subject :- Complain about the irregular electricity power supply

Dear Sir

The power of electricity in our area is irregular so we have to suffer many hardships. The Board exams are round the corner. This affects the students. Many times I have asked the maintenance staff about it but they do not listen to us.

Please, take personal interest and try to find out the solution regarding this matter. We have hope you will look into this matter and oblige us.

Yours Faithfully
Milesh Patel

Ronak Computer Education Centre

# ટેન્ડર નોટીસ

10 Marks

## સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીનું સાહસ)

**ઓન લાઈન જાહેર નિવિદા નં.૬, સને ૨૦૧૭-૧૮**

કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના નહેર વિભાગ નં. ૩, કપડવંજ, નર્મદા વસાહત, નાની રત્નાકર માતા રોડ, મુ: કપડવંજ, જી. ખેડા, પીન ૩૮૭૬૨૦ ફોન નં. ૦૨૬૯૧-૨૫૨૯૫૨, દ્વારા નીચે દર્શાવ્યા મુજબની શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ પાસેથી નીચે મુજબનું કામ કરવા માટે નિયત ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્રમ નં. | કામનું નામ | ૧. અંદાજીત રકમ રૂપિયા લાખમાં<br>૨. ટેન્ડર ફી.<br>૩. બાનાની રકમ<br>૪. ઈજારદારની શ્રેણી |
|---|---|---|
| ૧ | નર્મદા યોજના વસાહત, વેજલપુર અમદાવાદ ના મરામત અને જાળવણીના કામો માટે કુશળ, અર્ધ કુશળ અને બિન કુશળ રોજમદારો પુરા પાડવા બાબતનું કામ. | (૧) ૧૦.૩૯<br>(૨) ૯૦૦/-<br>(૩) ૧૦,૪૦૦/-<br>(૪) ઈ-૧ અને ઉપર |

(૧) ટેન્ડર અપલોડ કરવાની તારીખ 11/08/2017, 18.00 કલાક સુધી

(૨) ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ 24/08/2017, 18.00 કલાક સુધી

(૩) ટેન્ડર ડોકયુમેન્ટ ઓનલાઈન સબમીટ કરવાની છેલ્લી તારીખ 24/08/2017, 18.00 કલાક સુધી

(૪) ફીઝીકલ ટેન્ડર, જેવા કે ટેન્ડર ફી, ઈએમડી. અને પાનકાર્ડ તથા રજીસ્ટ્રેશન વગેરે બંધ કવરમાં આપવાની તારીખ 28/08/2017, 18.00 કલાક સુધી

શકય હશે તો ટેન્ડર ડોકયુમેન્ટ વેરીફિકેશન કરી ટેન્ડર ખોલવાની તારીખ 29/08/2017, 18.00 કલાકે ઈજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે.

કામની સમયમર્યાદા બાર માસની રહેશે.

વધુ વિગત માટે ઉપરોકત કચેરીનો સંપર્ક કરવો અને ટેન્ડર દસ્તાવેજોની વિગતવાર માહિતી નીચે જણાવેલ વેબ સાઈટ ઉપરથી ડાઉનલોડ કરવી.

https://ssnnl.nprocure.com તથા www.statetenders.com.

Ronak Computer Education Centre